





આ અભદ્ર ચર્ચાઓ ભેજાં ગેપ નથી તો શું છે?
દૂઝતા ઘા પર મીઠાંનો લેપ નથી તો શું છે?
નિવેદનીયાં ગાંડપણનો ચેપ નથી તો શું છે?
નેતાઓની ગેંગનો આ વાણી રેપ નથી તો શું છે?




મળ્યાં ખેતર,
કરો 'પ્રવૃત્તિ' શરૂ -
ફાળવ્યાં 'ખા-તાં'..
(બોડી બામણી - પ્રજાનાં)

'વંશ-વારસો!'
સો, 'સત્તા'વીસ થયાં
થઇ અવસ્થા..
(હવે તો મોહ છોડો)

## ચિંતન

**કતિપયદ્દિનપરમાયુષિ મદકારિણી યૌવને દુરાત્મનઃ ।**
**વિધ્ધતિ તથા-પરાર્ઘ જન્મૈવ યથા વૃથા ભવતિ ॥**

'યૌવન મદ આપનાર હોવા છતાં ગણ્યાંગાંઠ્યા દિવસો જ રહે છે, તેમ છતાં દુર્જન લોકો માત્ર આટલા કાળમાં - યૌવનકાળમાં એવા તો અપરાધ કરે છે કે જેથી તેમનો આખો જીવનકાળ-જન્મ જ નકામો જાય છે.'

બ્રહ્મચર્ય આશ્રમના પ્રથમ પચ્ચીસ વર્ષમાં બાળપણના દિવસો (હવે દિવસો જ કહેવાય કારણ કે પ્લે ગ્રુપથી જ માતા-પિતા જવાબદારી ફેંકી દે છે) પછી શાળા-મહાશાળાના અભ્યાસક્રમો શરૂ થાય.

બીજા પચ્ચીસ વર્ષ યૌવનનાં - એમાં ઘરસંસાર અને પરિવારના ગુજરાન સાથે યૌવનની ઉજવણી. મોજશોખ અને સુખસુવિધા શોધવાના હવાતિયાં એમાં સાચાં-ખોટાં પણ કરવા પડે! શિક્ષણ અને સંસ્કાર હોય તો તો વાંધો નહીં. યૌવન પર લગામ રહે અને મન મર્યાદામાં રહે છે પરંતુ જો 'દુર્જન'ને આ યુવાકાળમાં મોકળું મેદાન મળે, શારીરિક તાકાત હોય, તો સમાજની કેટલીય મર્યાદાઓ ઓળંગી નીતિ-નિયમના ઉંબરને કૂદી જઇ, અપરાધનાં આંગણમાં પગ મૂકે છે.

એક વખત મર્યાદા ઓળંગ્યા પછી અનીતિ લાજશરમ મૂકી દે છે. યુવાવસ્થાના વર્ષો નકામાં જાય છે પછી પ્રૌઢાવસ્થા અને વૃધ્ધાવસ્થામાં આ કર્મોનો બોજ ઉઠાવવો પડે છે, જીવન અને જન્મ વ્યર્થ ગયાની અનુભૂતિ થાય છે.

## સુવિચાર

- વનમાં સીધાં-સપાટ વૃક્ષો જ કપાય છે વાંકા-ચૂંકા સામે કોઇ જોતું નથી, એમ સમાજમાં પણ સીધાં-સરળ લોકો જ કપાય છે **- ચાણક્ય**
- પ્રતિષ્ઠા-માન-સન્માન એ સદ્ગુણનો પુરસ્કાર છે **- સિસેરો**
- જીવનનું સુખ મનની શાંતિમાં સમાયેલું છે **- રામસ્વામી**
- જે તલવાર ઉગામે છે તે તલવારથી જ મરે છે **- બાઇબલ**
- કોઇ પણ પ્રકારની ક્રિયા વિનાની નવરાશ એ એક પ્રકારનું મૃત્યુ જ છે **- સેનેકા**
- જો અસત્યમાંથી શુભનું નિર્માણ થવાનું હોય તો એ અસત્ય પણ સત્યનો જ એક પ્રકાર બની જાય છે **- તિરૂવલ્લુવર**
- મનુષ્યમાં રહેલી આળશ જ તેનો મોટામાં મોટો શત્રુ છે **- ભતૃહરિ**

## બોધ કથા

આજની પેઢીમાં અનીતિ, કૌભાંડ, ખાયકી અને નિષ્ઠાનો અભાવ છે એમાં મૂળ તો અસંસ્કારમાં પડેલાં માતા-પિતાનાં સંસ્કાર સારા મળ્યા હોય તો જ બાળકોમાં મૂલ્યો ઉછેર-વિકાસ પામે, આજકાલ વાલીઓ-બાળકનો ઉછેર-શિક્ષણ એટલા માટે જ કરે છે કે પુત્ર ટંકશાળ પાડે! ટકા અને ટ્યુશનની મથામણ કરતાં 'મૂલ્યો'ની ચિંતા કરવી જોઇએ.

રામકૃષ્ણ પરમહંસ દક્ષિણેશ્વર-કાલીઘાટ કાલી મંદિરની સેવામાં હતા. રામકૃષ્ણના માતુશ્રી વૃધ્ધ હતા. એમની ઇચ્છા હવે દરરોજ ગંગાસ્નાન અને નિયમિત બે ટાઇમ કાલી દર્શન કરવાની હતી તેથી તેઓ પણ દક્ષિણેશ્વર રહેવા આવી ગયા.

રાણી રાસમણિ 'કાલિમંદિર'નો વહીવટ કરતાં હતા. પૂજારી રામકૃષ્ણના માતુશ્રીના ગુજરાન માટે અલગ વ્યવસ્થા જોગવાઇ કરવાનું વિચારી, જમાઇરાજ મથુરબાબુ સાથે માતુશ્રીને મળી પોતાની ઇચ્છા વ્યક્ત કરી.

માતુશ્રી કહે, ના રે દેવી! મારે હવે કંઇ જ જોઇતું નથી અહીં, ગંગાસ્થાન કરવા મળે છે અને કાલીના દર્શન પછી બંને સમય મા'નો પ્રસાદ મળે છે મારે બીજું જોઇએ પણ શું?

મથુરબાબુ અને રાણીજીએ ખૂબ આગ્રહ કર્યો ત્યારે, મા કહે - તમારો બહુ જ આગ્રહ છે તો બે પૈસાની તમાકુ લાવી દો! ઘણા સમયથી નથી ખાધી.'

રાણીજી મનોમન બોલ્યાં - આવાં નિસ્પૃહ માતાજીના ઉદરમાં જ પરમહંસ દેવ જેવું નરરત્ન પાકે!

# બાળકના જન્મ પહેલાં જ માતા બનનારે પોતાના શારીરિક સ્વાસ્થ્ય, માનસિક પૃષ્ઠભૂમિ તથા નવો બોજ વહન કરવાની ક્ષમતા પ્રાપ્ત કરી લેવી જોઇએ

**સંસ્કાર ચિંતન**
**- અનંત ન. વ્યાસ**

પુનન્તુ મા દેવજનાઃ પુનન્તુ મનસા ધિયઃ ।
પુનન્તુ વિશ્વા ભૂતાનિ જાતવેદઃ પુન્તહિ મા ॥

**- અર્થવેદ ૧૯/૩૯**

અુય નઃ સૂનયો ગિરઃ શૃણ્વન્તમૃતસ્યયે સમૃડીકા ભવન્તુ

**- યુજુ - ૩૩/૭૭**

ભાવાર્થ = પોતાના સંતાનોના હિત તથા કલ્યાણ માટે માતા-પિતાએ બ્રહ્મચર્ય તથા સદાચારનું પાલન કરવું જોઈએ, સંતાનો સુંદર તથા ચારિત્ર્યશીલ બને તે માટે તેઓને બ્રહ્મવિદ્યાનું ઉત્તમ શિક્ષણ આપી શારીરિક તથા માનસિક સ્તરે તેઓ શ્રેષ્ઠ બને 'તેવું કર્તવ્ય ગુહસ્યે નિભાવવું જોઈએ'

ઉપરોક્ત બંને ઋચાઓના ભાંષાતર તથા ભાવાર્થ 'યજુર્વેદ સંહિતા' તથા 'વેદનો દિવ્ય સંદેશા' (ગાયત્રી પરિવાર) બંને ગ્રંથામાં અલગ પડે છે. સંસ્કાર - ચિંતન - લેક માટે 'વેદનો દિવ્ય સંદેશ' એ ગ્રંથનો ભાવાર્થ સ્વીકાર્યા છે.

સહજ જ્ઞાનના અભાવે વેદમાં ચર્ચાયેલ વિષયોની આપણી જાણકારી પાંગળી હોય છે. વેદોમાં દેવોની માત્ર સ્તુતિઓ જ નથી. પરંતુ ઉચ્ચસ્તરના આધ્યાત્મિક, સિધ્ધાંતો, વિદ્યાકળા અને વ્યવહારિક જીવનને લગતું વિશિષ્ટ જ્ઞાન સંગ્રહાયેલું છે. લૌકિક તથા પારલોકિક જ્ઞાનના આ અદ્ભૂત ગ્રંથો કોઈ પણ સમયમાં યોગ્ય અને સભ્ય સમાજને માર્ગદર્શન પુરૂ પાડવાની ક્ષમતા ધરાવે છે. વિચારરૂપી ખાણ સમાન અનેક નાના સૂત્રો તથા તેવી જ નાની ઋચાઓમાં જ્ઞાન વેરાયેલું છે. વિશ્વનું અતિ પ્રાચીન સાહિત્ય - પાઈલના સમયની તમામ વિદ્યાનું ઉદ્ભવ સ્થાન મનાય છે. વેદોભ્યાસથી માનવ-જીવનમાં શાંતિ-આનંદ આશા અને ક્ષમતા જેવા ગુણો વિકસે છે. આજે વ્યક્તિએ પોતાનું ધ્યેય પ્રાપ્ત કરવા સતત સંઘર્ષ કરવો પડે છે. તેમાં પણ વારંવાર હતાશા તથા નિરાશાનો સમય આવે છે. વેદની અમુક ઋચાનાં અભ્યાસ-ચિંતન તથા મનન કરવામાં આવે તો મનમાં નવા વિચારો સાથે સ્ફૂર્તિ અનુભવાય છે. હતાશા દુર થઈ જાય છે. શ્રેષ્ઠ ચારિત્ર્યના ઘડતર તથા આત્મબળ સાધવા માટે વેદો પાસે જવું જોઈએ.

વેદોમાં યજુર્વેદમાં યજ્ઞાદિ - ક્રિયાકાંડો અંગેની વિસ્તૃત સમજણ આપતી ઋચાઓ વધારે પ્રમાણમાં છે. જોડે 'પુરૂષસ્ક્ત' શિવસંકલ્પસ્કત તથા 'ઈશાવાસ્યા' જેવા જ્ઞાન-વર્ધક સૂકતો પણ છે જ. પરિવારનું સ્વાસ્થ્ય કુટુંબનું ઘડતર, તથા ઊચ્ચ-ચારિત્રશીલ સમાજનું સ્થાપન કઈ રીતે શક્ય બને તે માટે આ બે મંત્રોમાં ઋષિનું દર્શન આપવામાં આવ્યું છે. ગૃહસ્યાશ્રમ જ સમસ્ત સમાજ-વ્યવસ્થાનો આધાર સ્તંભ છે. જો કુટુંબો શ્રેષ્ઠ હોય તો સમાજ પણ શ્રેષ્ઠ સંપન્ન તથા સુખી બને છે. પરિવારના સ્વાસ્થ્ય તથા ઊચ્ચ આદર્શ, જીવન માટે માતાપિતાની જવાબદારીનું નિરૂપણા, ઋષિની દષ્ટિથી કરાયેલ છે.

કુટુંબ-રચના તો એક મહાન પાઠશાળા છે. આ શાળામાં વ્યક્તિનું સુસંસ્કારોનું શિક્ષણ મળે છે. વ્યક્તિ સમાજનું અભિન્ન અંગ છે, તો સમાજ વ્યક્તિઓનો બનેલો છે. આ બંને પરસ્પર રચના બે ચક્રો છે. તેનું સુંસાચલન કરતી ધરી એ આપણી કુટુંબ-વ્યવસ્થા છે. પશ્ચિમના પવનને કારણે આજે આપણી આ પુરાણી વ્યવસ્થા છિન્નભિન્ન થઈ રહી છે. ત્યારે કુટુંબ વ્યવસ્થા સુસંસ્કૃત કરી તેનું પુનઃ સ્થાપન કરવું અતિ જરૂરી બાબત છે.

ભાવિ સમાજ સુવ્યવસ્થિત, સ્થિર તથા સુદઢ બને તે માટેના સંસ્કારો તથા ચારિત્ર્યનું ઘડતર બાળપણમાં જ થવું જોઈએ. વૈજ્ઞાનિક રીતે એ સ્પષ્ટ થઈ ગયું છે કે બાળક ગર્ભમાં આવતાંવેંત જ શીખવાનું શરૂ કરી દે છે. અને પાંચ વર્ષનું થતાં થતાં તો તેના મનોજગતનું નિર્માણ લગભગ સંપૂર્ણતાના આરે પહોંચી જાય છે. આ સમયનો ગાળો બાળકો માટે અતિ સંવેદનશીલ હોય છે. જો સ્વભાવ, સંસ્કાર, ચારિત્ર્ય અને શ્રધ્ધા જેવા સદ્ગુણો આ ઉંમરમાં કેળવાય તો જીવનભર ભૂલાતા નથી, બાળકને જન્મ આપવો એ માત્ર વ્યક્તિગત કામક્રિડા કે કામાનંદનો વિષય નથી. આજના યુવાનો આ બાબતમાં જરા પણ સભાન નથી હોતા. તેઓ સંયોગ માટે અતિ આતુર તેમજ ઉત્સુક હોય છે. પરંતુ એક નવા માનવીને પૃથ્વી પર ઉતારવા અને તેના ભાવિના પૂર્ણ વિકાસ માટેની સજ્જતા અંગે કશું વિચાર્યું નથી હોતું ભાવિ જવાબદારી સમજી અને તે ઉપાડવાની પોતાની સમર્થતા તપાસીને જ પતિ-પત્નીઅ સંયોગ સાધવો જોઈએ.

ગર્ભાધાન આપણા સોળ-સંસ્કારોમાં પ્રથમ સંસ્કાર છે. અતિ મહત્ત્વના આ સંસ્કાર માટે શાસ્ત્રોમાં માતાપિતા માટે ચોક્કસ નિયમોની જોગવાઈ કરવામાં આવી છે. આ સંસ્કાર કરતાં પહેલાં દંપતિએ જાગૃતિ કેળવવી જરૂરી છે. પતિ-પત્નીએ પોત-પોતાના દોષો તથા દુર્ગુણો સુધારી લેવા પરત્વે લક્ષ્ય-કેન્દ્રિત કરવું જોઈએ. આચરણ, વિચાર-વ્યવહાર તથા વાતચીતની પ્રવૃત્તિઓ ચોક્કસ સ્તર કરતાં નિમ્ન-સ્તરની ન થાય તે માટે સતત સજાગ રહેવું પડે છે. જો તમો તમારે ત્યાં હોનહાર બાળક જન્મે તેવું ઈચ્છતા હો તો તેનો આધાર ગર્ભાધાન પર જ છે. આ સમયની દંપત્તિની માનસિક સ્થિતિ પ્રસન્નતા કે ભયની લાગણી - ક્રોધ - અનિચ્છા - ડર - ઈત્યાદિ બાબતો જન્મ લેનાર બાળકને પ્રભાવિત કરતાં પરિબળો બને છે.

સામાન્યતઃ દરેક ગૃહસ્થ પોતાના સંતાનોના ભરણ-પોષણ અંગે વ્યવસ્થા પોતાની શક્તિ પ્રમાણે કરતાં હોય છે. પણ બાળક પોતાના ભાવિ જીવનમાં પોતાના પગભર ઊભો રહી શકે, ગમે તેવા પડકાર ઝીલી શકે તે માટે શારીરિક સાથે માનસિક સ્તરે પણ તેને યોગ્ય પોષણ મળવું જોઈએ.

બાળકના શિક્ષણ પરત્વે દુર્લક્ષ્ય સેવવું, કે પછી ઉદાસિનતા દર્શાવવી તે અતિ ખેદજનક વાત ગણાય. આચાર્ય કૌટીલ્ય સ્પષ્ટ કહે છે, "માતા વૈરા પિતા શત્રુ હોની ન પઠન્તિ બાલકાઃ" જેણે પોતાના સંતાનોને ભણાવ્યા નથી તે માતાપિતાએ બાળકોને અન્યાય કર્યો છે. તેના શત્રુ બન્યા છે.' બાળકમાં ગુણોનો વિકાસ સધાય સદ્ભાવ તથા સદ્કર્મ પર તો તેની ભાવના કેળવાય. સ્વભાવે નમ્ર તથા સંસ્કારી બને. તે માટે ઘરમાં યોગ્ય વાતાવરણ પુરૂ પાડવું જોઈએ, જો કોઈ વડીલ આ કાર્ય ન બજાવે તો તે સમાજ હાનિકારક બને છે.

બાળકના જન્મ પછી માતા-પિતાએ ઘરની સમગ્ર સ્થિતિ એવી રાખવી જોઈએ જેથી અસ્વચ્છતા, માનસિક મલિનતા કે કોઈ પણ પ્રકારની અનૈતિકતાનો સ્પર્શ બાળક ન પામે. માતા-પિતાએ આ પ્રકારની સ્થિતિ સર્જવા માટે જો કોઈ પણ પ્રકારનો ત્યાગ કરવો પડે તો, પોતાના સંતાનના હિતમાં તેવો ત્યાગ કરતાં અચકાવું ન જોઈએ. દંપત્તિએ ઘરમાં થતાં ઝઘડા, ઉચ્ચ અવાજે બોલાતા શબ્દો, તુંકારા કે મારપીટ જેવી બાબતોને સદંત્તર દુર જ રાખવી જોઈએ. આ ઉપરાંત બાળકોની ઉપસ્થિતિમાં મર્યાદાઓ જરૂર પાળવી જોઈએ. કામ - પ્રદર્શન, અંગ - પ્રદર્શન, ઈશારા કે પછી કામુક ચેષ્ટાઓ બાળકોની નજરે ન પડે તે માટે સાવધાન રહેવું જોઈએ. બાળકોના સંસ્કાર ઘડતર માટેનું આ પ્રથમ પગથિયું છે.

લાડ કે પ્રેમનાં આવેગના કારણે જે લોકો પોતાના બાળકોને આળસુ, વિલાસી કામચોર, સ્વાદિયા, તથા અહંભાવી બનાવે છે, તે કોઈ પણ પ્રકારે બાળકનું હિત તો સાધતા નથી. પણ પોતાને સહન કરવાની વેળા આવે છે. બાળકનું શિક્ષણ ઉપદેશ પર નહીં પરંતુ અનુકરમના આધાર પર થતું હો છે. તેનું કુમળું મગજ લાંબા ભારે ઉપદેશ ગ્રહણ કરી નથી શકતું પરંતુ આસપાસ જે કંઈ બની રહ્યું હોય છે તેને અપનાવવા તેનું ચિત્ત તત્પર જ હોય છે. બાળકનું અંતઃકરણ અનુકરણ માટે પૂર્ણ સ્વરૂપે સજાગ હોયને તેની હાજરીમાં જેવું વર્તન માતા-પિતા કરે તેવું વર્તન કરવા તે પ્રેરાય છે. આથી બાળકને જે કંઈ પણ શીખવવું હોય તે પ્રત્યક્ષ રૂપે તેની સમક્ષ રજૂ થવું જોઈએ. માતા-પિતાનું આદર્શ વર્તન બાળકમાં ઉચ્ચ - સંસ્કારો પ્રેરે છે. ખુબ જ કુશળ તથા સંવેદનશીલ ગુપ્તચર માફક બાળક આપણાં વાણી વર્તનનું સતત અવલોકન કરતું હોય છે. તેથી વર્તનની સજાગતા મહત્ત્વપૂર્ણ છે.

આજકાલ શાળાઓમાં, શેરીઓમાં કે સમાજ વચ્ચે ચારિત્ર્ય તથા સંસ્કાર ઘડતરનું કોઈ વાતાવરણ નથી, ઉલ્ટાનું ઘણી ટી.વી. સિરિયલો, ગંદી, જાહેરાતો, ફિલ્મના દશ્યો, ને ચેષ્ટાઓ પાર્ટીઓ અને તેમાં દર્શાવાતા નાચગાનો, તમામ જગ્યાએ કામ વધુ પ્રદર્શિત થાય છે. આના પરિણામે બાળકો તથા યુવાનો અસંસ્કારી બને છે. આવા વખતે ઘરનું વાતાવરણ જો શાંતિદાયક, સુંસ્કાર તથા સદ્ભાવના પૂર્ણ હોય તો બાળકે બાહ્ય વાતાવરણમાં ઝીલેલા દોષો ધોવાઈ જાય છે. અને જો ઘરનું વાતાવરણ પણ તેવું જ હોય તો કુંસંસ્કારો ગાઢ બને છે.

બાળકનો ઉછેર એ મહાન કર્મ છે. બાળક ઉછેરની મોટા ભાગની સમસ્યા માતાના ભાગે આવે છે, માતા જ બાળકના પ્રથમ તથા શ્રેષ્ઠ ગુરૂ મનાય છે. બાળકના જન્મ પહેલાં જ માતા બનનારે પોતાના શારીરિક સ્વાસ્થ્ય, માનસિક પૃષ્ઠભૂમિ તથા નવો બોઝ વહન કરવાની ક્ષમતા પ્રાપ્ત કરી લેવી જોઈએ. ગૃહકાર્યના ભારથી પતિની અવહેલનાથી પીડાયેલી કે ચીડાયેલી કે કંટાળેલી માતાના મનોભાવોનો પડઘો બાળકોના વર્તનમાં પડતો હોય છે. ડોશીશાસ્ત્ર પ્રમાણે પયપાન કરાવતી વખતે જો માતાનું ચિત્ત જરા પર ઉદ્વેગ અનુભવતું હોય તો એ બાળક ભવિષ્યમાં અશાંત- ચિત્તનો બને છે. પયપાન તદ્દન શાંત ચિત્તે તથા પ્રસન્નતા પૂર્વક પ્રેમથી કરાવવું જોઈએ. ક્રોધના આવેગમાં, શેષપૂર્ણ ભાવ સાથે બાળકને કયારે પણ ધવરાવવું નહિ. કદાચ બાળકને આંચકીઓ આવે છે પોતાનું બાળક પૂર્ણ સંસ્કારી બને તે માટે માતાઓએ પણ જ્ઞાનવાન બનવું જોઈએ.

કુસંસ્કારી તથા અવિકસિત બાળક માતા-પિતા માટે સદાનો બોઝ છે. દુઃખદાયક છે. આ સાથે સમાજ માટે પણ પ્રશ્નો ઊભા થાય છે. દુર્ગુણયુક્ત તથા અશક્ત - વ્યશની સમાજ સદૈવ પતનના ખાડામાં જ ફેંકાય જાય છે. સમાજના સામૂહિક પતનમાં માતાપિતાની અજ્ઞાનતા વધારે પડતા લાડ, લડાવવાના ટેવો પણ જવાબદાર બને છે. પુત્ર મોહ કુરૂક્ષેત્ર સર્જાયું હતું જ એ જેટલું એ યુગમાં સત્ય હતું તે કરતાં આજે વધારે સત્ય છે. માટે બાળકોના સંસ્કાર પરત્વે સતત જાગૃત રહી તે માટે પ્રયત્નો કરતાં રહેવા એ માતાપિતાની પ્રાથમિક મહત્ત્વની ફરજ છે.

# આપણે વી.આઇ.પી. અતિથિ બનવાનું ટાળી સાદાઇપૂર્વકનું આતિથ્ય કરીશું તો જરૂરથી અતિથિ દેવો ભવનો ભાવ જળવાઇ રહેશે

**અતિથિ દેવો ભવ!!!**
**- જિજ્ઞાસા સુથાર, શિક્ષક, ગુજરાતી માધ્યમ**

અતિથિ એટલે કે જેની આવવાની તિથિ નક્કી નથી તે! આપણે, અથિતિને, પરોણાને, મહેમાનને દેવ સમાન ગણીએ પુજીએ છીએ. દિવસના કોઈ પણ સમયે ચોક્કસ કારણ વિના, કસમયે પણ જો કોઈ માણસ આપણા ઘરે આવે તો તેને આવકાર આપવો એ આપણા સંસ્કાર છે. આવો જ ભાવ પ્રગટ કરતી ભજનની પંક્તિઓ અહીં યાદ આવે છે.

'હે જી તમારા આંગણિયા પૂછીને કોઈ આવે તો
આવકારો મીઠો આપજે રે હોજી...'

ભારતીય સંસ્કૃતિનું આ એક આગવું પાસુ છે કે જેમાં દુશ્મન પણ જો આપણે ત્યાં અતિથિના સ્વરૂપે આવે તો આપણે તેને પણ દુશ્મન ન ગણતા આતિથ્ય કરાવવાનું કયારેય ચૂકતા નથી. મહભારતના યુધ્ધ પૂર્વે હંમેશા કૃષ્ણની ઈર્ષા કરતાં દુર્યોધન કૃષ્ણની નગરીમાં અતિથિ બનીને જાય છે અને બદલામાં કૃષ્ણની અશ્વરોહિણી સેના યુધ્ધ માટે માંગી લે છે. કૃષ્ણ અતિથિ ભાવે હસતા મોંએ દુર્યોધનને સેના આપવાનું વચન આપે છે. આવી અનેક દંતકથાઓથી આપણો ઈતિહાસ સમૃધ્ધ છે. જેમાં અતિથિ માટે કંઈ કરી છૂટવાની ભાવના યથાર્થ રીતે વર્ણવી છે.

ગામડાનું આતિથ્ય સર્વ આતિથ્યમાં અલગ તરી આવતું હોય છે. કોઈ પણ જાતના સરનામા કે ઘર નંબર વિના તમે કોઈ અજાણ્યા ગામે જઈ ચઢો, અને જો તમે માત્ર યજમાનનું નામ જ જાણતા હોવ તો, આખું ગામ તમને યજમાનના ઘર સુધી પહોંચાડવા કામે લાગી જાય છે. ફલાણા ભાઈનું નામ ગામના પાદરથી આંગતુક બની આવેલા તમને અતિથિ બનાવવામાં મદદરૂપ થાય છે. આવો ભાવ ગામની અંદર જ જોવા મળે. બાકી શહેરના આરસથી મઢેલા બંગલામાં જયાં 'કૂતરાથી સાવધાન'નું બેનર લગાડેલું હોય જોવા મળે ખરો? ગામમાં કોઈ દીકરીના લગ્ન હોય ત્યારે જાનૈયા તો જાણે આખા ગામના મહેમાન હોય તેમ વટબંદ ફરતાં હોય અને ગામ લોકો તેમને મોંઘેરા મહેમાનની જેમ સાચવે પણ ખરા. આવા જાનૈયા કોઈ પાર્ટીપ્લોટ કે હૉલમાં જાન લઈને જાય ત્યારે દરેક પ્રકારની સંપૂર્ણ સગવડ હોવા છતાંય કયાંક ને કયાંક હૃદયપૂર્ણ આતિથ્ય સત્કારનો અભાવ જોવા મળે છે. હવે આપણે વાત કરીએ મહેમાનગતિની. તો પરોણાગત કરી, મહેમાનગતિ માણવી આપણને સૌને ગમે છે. પહેલાંના સમયમાં જયારે વાહનવ્યવહારનો વિકાસ નહિવત હતો ત્યારે મોટે ભાગે અમાસની પૂનમના સમયે એટલે કે અજવાળિયામાં લોકો એક ગામથી બીજે ગામ જવાનું પસંદ કરતાં. તે સમયે અતિથિઓની સંખ્યા ખૂબ ઓછી રહેતી.

જયારે આધુનિક યુગ એ ઝડપી પ્રગતિનો યુગ છે. જયાં દરેક કામ ઝડપથી થાય છે. જેની અસર આપણા અતિથિઓ ઉપર પણ થઈ છે. વાહનવ્યવહારના પૂરતા સાધનો, સમયનો અભાવ અને સાંકળું થતું જતું વિશ્વ માણસને એક દિવસમાં અનેક સ્થળોની મુસાફરી કરાવી દે છે. જેમ જેમ સગવડો વધી તેમ માણસને મોંઘવારીનો પ્રશ્ન પણ નડવા લાગ્યો. જેના પરિણામે આપણા સામાજિક પ્રસંગો સંકોચાવા લાગ્યા. ઓછો સમય અને વધુ ખર્ચ એ આ સમયની વ્યવહારિક માંગ બની રહી છે. ગમે તે ભોગે પણ આપણે અતિથિઓનો સત્કાર કરવાનો મોકો કયારેય જતો કરતા નથી. કારણ કે તે આપણો સામાજિક રિવાજ અને સામાજિક દરજ્જો સાચવવા તે આપણે કરવું જ પડે.

અતિથિ બનવું એ મનગમતી અને વહેલી વાત છે. જયારે મનગમતું બનવું અને આતિથ્ય સત્કાર કરવો એ કપરી કસોટી જેવી વાત છે. મહેમાન આવે ત્યારે યજમાને તેમની આગતા સ્વાગતા કરવા તેમને સાચવવા કેટલી તકલીફ લીધી હશે તે તો યજમાન જ જાણે. હંમેશા યજમાન મહેમાનને ખુશ રાખવા માટે આતુર હોય છે. જયારે, સામા પક્ષે મહેમાને પણ યજમાનને અનુકૂળ બનવા પૂરેપૂરો પ્રયત્ન કરવો જોઈએ. સામાન્ય રીતે લગ્નપ્રસંગે કે કોઈ પણ શુભાશુભ પ્રસંગે દરેક યજમાન મહેમાનને સાચવવા માટે પૂર્વતૈયારી કરીને જ પ્રસંગ આદરે. પરંતુ કોઈના ઘરે અચાનક અકસ્માત થાય અથવા બિમારી આવી પડે ત્યરે યજમાન ખબર પૂછવા આવેલ મહેમાનને સાચવી શકે એવી કોઈ સ્થિતિમાં હોય જ નહિ છતાંય મહેમાન બનીને તેમના ઘરે તેમના સ્વાસ્થ્યની ખબર પૂછવા જનાર આપણે એવી આશા રાખીએ કે તે આપણી આગતા-સ્વાગતા કરે, આપણને સાચવે તે યોગ્ય નથી. જૂનવાણી વિચારધારા એ માત્ર ખોટારિવાજોથી ગૂંથાયેલી હતી એવું માનવું અયોગ્ય છે. પહેલાંનાં સમયમાં લોકો જેના ઘરમાં મરણ થયું હોય અથવા સુવાવડ આવી હોય તેના ઘરનું પાણી પણ ન પીતા. આવે વખતે મહેમાનને મહેમાનગતિ ન માણ્યાનો રંજ રહેતો નહીં.

અત્યારના સમયમાં જયાં મોંઘવારી નામની સમસ્યા દરેક ગૃહિણીને મીઠાથી લઈને મિનરલ વૉટર સુધી પજવતી હોય ત્યાં અતિથિઓને સાચવવા અને ખુશ રાખવા તે ખરેખર દાદ માગી લે તેવી વાત છે. ઘરના પુરૂષો મહેમાનની પાસે બેસી ગપ્પા મારતા હોય ત્યારે પોતાના ઘરની આબરૂ સાચવવી તે દરેક નારી માટે યક્ષપ્રશ્ન બની રહે છે.

અંતે એટલું જ કહેવાનું કે આપણે વી.આઈ.પી. અતિથિ બનવાનું ટાળી સાદાઈપૂર્વકનું આતિથ્ય કરીશું તો જરૂરથી અતિથિ દેવો ભવનો ભાવ જળવાઈ રહેશે.

# મનુષ્ય શરીર, વિરૂધ્ધના ગુનાઓ અંગે સમજૂતી, વ્યથા અને મહાવ્યથા અંગે સમજૂતી

**વાત કાનૂન કાયદાની...**
**- અશ્વિન વી. ત્રિવેદી**

ભારતીય ફોજદારી ધારાની કલમ ૩૧૯ થી ૩૭૭માં મનુષ્ય શરીરની વિરૂધ્ધના ગુનાઓ અંગે સમજૂતી આપવામાં આવેલ છે. જે મુજબ વ્યથા, મહાવ્યથા, ગુનાહિત અટકાયત અને ગેરવ્યાજબી કેદ, ગુનાહિત બળ અને હુમલો કરવો. મનુષ્ય હરણ (અપહરણ), ગુલામી અને ફરજિયાત મજૂરી, બળાત્કાર-સંભોગ તેમજ સૃષ્ટિકર્મ વિરૂધ્ધનો ગુનો આ બધા મનુષ્ય-શરીરની વિરૂધ્ધના ગુનાઓ ગણવામાં આવે છે જે બદલ સજા અને દંડ તેમજ બંનેની જોગવાઇ છે.

જો કોઇ વ્યક્તિ અન્ય કોઇ વ્યક્તિને શારીરિક પીડા, રોગ, અનથા નિર્બળતા ઉત્પન્ન કરે તો તે વ્યથા કરે છે. તેમ ગણાય કોઇ કૃત્ય ગુનો બને તે માટે અકસ્માત નહીં પણ સ્વેચ્છાપૂર્વક થવું જોઇએ. જે બદલ એક વર્ષની સજા અને રૂા. ૧૦૦૦ સુધીનો દંડ અથવા બંનેની જોગવાઇ છે.

જયારે કોઇ વ્યક્તિનો બીજી વ્યક્તિને મૃત્યુ નીપજાવવાનો ઇરાદો ના હોય અથવા કરવામાં આવેલ ઇજાથી મૃત્યુ થવાનો સંભવ છે એવું જ્ઞાન ન હોય અને એવા પ્રકારની વ્યથા મહાવ્યથા ના હોય તો આરોપી ફક્ત વ્યથા, કરવાના ગુના માટે જ જવાબદાર ઠરે છે.

ઇરાદા અથવા જ્ઞાન વગર નિપજાવવામાં આવેલ મૃત્યુ અપરાધ મનુષ્યવધ કહેવાય નહીં. દા.ત. 'અ' - 'બ' ને ઉશ્કેરે છે. જેના કારણે આ 'બ'ને પેઢામાં લાત મારતાં 'બ'ના બરડો ફાટી જાય છે. અને 'બ'નું મૃત્યુ થાય છે તો આવી ઘટના એ અપરાધ મનુષ્યવધ નથી.

પરંતુ કોઇ પણ પુરૂષનું પુરૂષાતન છીનવી લેવું તેમજ કોઇ પણ વ્યક્તિ જોવાની શક્તિનો કાયમી નાશ કરવો. કોઇ વ્યક્તિના શરીરના અવયવો અથવા સાંધાનો કાયમી નાશ કરવો, ચહેરો કાયમી માટે કદરૂપો કરવો.

દા.ત. એસિડ ફેંકવો, વગેરે કૃત્ય મહાવ્યથાની વ્યાખ્યામાં સમાવેશ કરવામાં આવે છે. જેનો અપરાધ મનુષ્યવધના ગુનામાં ગણી સજા ફટકારવામાં આવે છે. કોઇ પણ વ્યક્તિને માર મારતા તે ૨૦ દિવસ, સુધી સળંગ હોસ્પિટલમાં સારવાર હેઠળ હોય તો મારનાર વ્યક્તિ સામે સાપરથા મનુષ્ય વધનો ગુનો લાગુ પડે છે.

જયાં સુધી મૃત્યુ નિપજાવવાનો અથવા મૃત્યુ થાય તેટલી શારીરિક ઇજાઓ કરવાનો ઇરાદો ના હોય ત્યાં સુધી ખૂનનો ગુનો થતો નથી. કલમ-૩૨૪ થી ૩૩૩માં મહાવ્યથા અંગેની જોગવાઇ આપેલ છે. જેમા દંડ અને સજા તેમજ બંને થઇ શકે છે.

તાકવાના (તીર), ભોકવાના (ભાલા) અથવા કાપવાન (ચપ્પૂ, છરી), જેવા સાધનોથી મરણ નીપજી શકે તેવા ગુનામાં વપરાતા હથિયાર દ્વારા કે અગ્નિ, ગરમ પદાર્થ, ઝેર, સ્ફોટક પદાર્થ, અથવા કોઇ પણ હાનિકારક પદાર્થ દ્વારા અગર કોઇ પ્રાણી દ્વારા વ્યથા પહોંચાડવામાં આવે અથવા એવી વ્યક્તિ પાસેની મિલકત અથવા કીંમતી જામીનગીરી મેળવવા બળજબરી કરી કઢાવવા. કોઇ વ્યક્તિ દ્વારા ગેરકાયદેસર કૃત્ય કરવા ફરજ પાડવા અથવા કોઇ ગુનો કરવામાં સગવડતા થાય તે માટે કલમ ૩૨૭ થી ૩૨૯ મુજબ ગુનો નોંધી પુરાવા મળતા સજા કરવામાં આવે છે.

કોઇ પણ વ્યક્તિ દ્વારા ક્રોધના આવેશમાં વ્યથા અથવા મહાવ્યથા ગંભીર અને આકસ્મિક પ્રકારના ક્રોધમાં આવી જઇને કરવામાં આવેલા કૃત્ય બદલ મહાવ્યથા ગણવામાં આવતી નથી માત્ર વ્યથા સામાન્ય ઇજા પહોંચાડવાનો ગુનો ગણવામાં આવે છે.

મનુષ્યની જિંદગી અથવા વ્યક્તિગત સલામતી જોખમમાં મૂકે એવા અવિચારી અને ઉપેક્ષાયુક્ત કાર્યોને જો કે, તેનાથી ઇજા થઇ ના હોય તેમ છતાં શિક્ષાપાત્ર ગણવામાં આવે છે. પરંતુ આવા કૃત્યથી અન્ય વ્યક્તિની જાનમાલની અસલામતી થાય નુકશાન થાય તો મહાવ્યથા ગણવામાં આવે છે.

કેટલીકવાર ઉશ્કેરાટમાં આવેશમાં આવી જઇ સામાન્ય વાતચીતનું સ્વરૂપ દ્વારા હુમલો કરવામાં આવે ત્યારે તેનો ઇરાદો સામી વ્યક્તિનો ખૂન કરવાનો હોતો નથી. પરંતુ ઉશ્કેરાટમાં આવેશમાં આવી જોરથી ઘા મારતા સામી વ્યક્તિનું મૃત્યુ થાય ત્યારે સાપરઘ મનુષ્યવધનો ગુનો બને છે. ભાઇ-ભાઇના ઝઘડા, પતિ-પત્નીના ઝઘડા તેમજ પાડોશી પાડોશી વચ્ચેની સામાન્ય તકરારમાં કયારેક સામી વ્યક્તિનું અજાણતાં જ ખૂન થઇ જાય છે. ત્યારે પાછળથી પસ્તાવું પડે છે. કાયદો કાયદાનું કામ કરે છે. તેથી જ બિનજરૂરી ઉગ્રતા, ઉશ્કેરાટ, રાખવા જોઇએ.

## આજના દિવસનો મહિમા

**- ભાનુપ્રસાદ એસ. દવે**

**૩૦મી ડિસેમ્બર**

- ગુજરાતી અસ્મિતાના ઘડવૈયા, મહાન ગુજરાતી સાહિત્યકાર કનૈયાલાલ મુનશીનો જન્મ - ૩૦-૧૨-૧૮૮૭.



૧૨૬ જેટલાં ગ્રંથો પ્રકાશિત થયા, ગુજરાતી પ્રજાને સાહિત્યરસિક કરનારા ઐતિહાસિક નવલકથાઓના સર્જક, વનમહોત્સવના પ્રણેતા, મુંબઇમાં ભારતીય વિદ્યાભવનના સ્થાપક, માનવતાવાદી રાજકારણી.

- ૧૮૯૫ - નોબેલ પારિતોષિક મેળવનાર રૂડિયાર્ડ કિપ્લીંગનો મુંબઇમાં જન્મ થયો.
- ૧૮૫૯ - મેકોલનું અવસાન.



- ૧૯૭૧ - ભારત અણુશક્તિ પંચના અધ્યક્ષ મહાન વૈજ્ઞાનિક ડો. વિક્રમ સારાભાઇનું થુમ્બામાં અવસાન.